THE SCIENCE WORLD
A Monthly e Magazine
ISSN:2583-2212
Popular Article
January, 2026 Vol.6(1), 31-34

# ઈક્વાઈન પાઈરોપ્લાસ્મોસીસ" – ઘોડા વર્ગના પ્રાણીઓનો એક ગંભીર રોગ

**ડો. દ્રષ્ટિ પટેલ, ડો. ભાર્ગવ સગર, ડો. રોનક પટેલ, ડો. કંદર્પ ચૌધરી, ડો. ચિત્રા ચૌહાણ* અને ડો. સી. એમ. ભાડેસિયા**

વેટરનરી મેડીસીન વિભાગ
પશુપાલન અને પશુચિકિત્સા મહાવિદ્યાલય
કામધેનુ યુનિવર્સિટી, રાજપુર (નવા), હિંમતનગર-૩૮૩૦૧૦
DOI:10.5281/ScienceWorld.18205056

સમગ્ર વિશ્વમાં વર્ષોથી પશુ, પક્ષી અને પ્રાણીઓને એક અથવા અન્ય કારણે પાલતું તરીકે રાખવાની પરંપરા ચાલતી આવે છે. જે પણ કારણસર આવી કોઈ પ્રજાતિને જ્યારે પાલતું તરીકે રાખવામાં આવે છે ત્યારે તેના સ્વાસ્થ્ય સંબંધિત તમામ જવાબદારી તેને રાખનાર માલિકની થતી હોય છે. આવા પશુઓને હમેશા પરિવારના એક સભ્યની જેમ લોકો રાખતા હોય છે. તમામ પાલતું પશુઓમાનો એક એવો ઘોડો (અશ્વ) એ માનવને અત્યંત વફાદાર અને એક ખરીવાળું સસ્તન વર્ગનું પ્રાણી છે. જે માનવ સંસ્કૃતિમાં રમતગમત, શોખ, રેસિંગ, લગ્ન પ્રસંગે ઉપયોગ, ભૂતકાળમાં થતા યુધ્ધો વગેરે માટે જાણીતું છે. હજારો વર્ષોથી ઘોડો વાહન તરીકે, પરિવહન માટે, શ્રમ કરવા, રમતગમત માટે, સાથી તરીકે અને યુદ્ધમાં માનવીની સેવાઓ બજાવતો આવ્યો છે. ઘોડામાં વિવિધ પ્રકારના ચેપી અને બિનચેપી રોગો થાય છે. સામાન્ય રીતે પેટમાં દુ:ખાવો/ચૂક આવવી (કોલિક), લાદ ન થવી, પેશાબમાં તકલીફ, ચાલવા/દોડવામાં તકલીફ કે લંગડાવવું, આંખમાં કૃમિ/કીડો વગેરે જેવી તકલીફો માટે ઘોડા રાખનાર માલિકો પશુદવાખાને સારવાર અર્થે તેમના ઘોડાને લાવતા હોય છે. પરંતુ, એક સામાન્ય એવા બાહ્ય પરોપજીવ – ઈતરડી દ્વારા ઘોડાને "ઈક્વાઈન પાઈરોપ્લાસ્મોસીસ" નામની રક્તની ગંભીર બીમારી લાગી શકે છે જેના વિષે આ લેખમાં સન્ક્ષિપ્ત માહિતી આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.


Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
Published 06/01/2026

## ❖ રોગનું કારણ:

પાઈરોપ્લાસ્મોસીસ મુખ્યત્વે ઈતરડી કરડવાથી ફેલાય છે. આ ઇતરડી લોહીમાં ચેપ કરે છે. મુખ્યત્વે *હાયેલોમા* અને *બુફિલસ* પ્રજાતિની ઇતરડીથી થાય છે. રોગ થવા માટે *થાઈલેરીયા ઈક્વી* અને *બબેસીયા કેબેલી* નામના પરોપજીવી/પ્રોટોઝુઆ જવાબદાર છે.



## ❖ રોગનો ફેલાવો:

ઇકવાઇન પાઈરોપ્લાસ્મોસીસ એક ગંભીર, રક્તના પરોપજીવી દ્વારા ફેલાતો રોગ છે જે ઘોડા, ગધેડા, ખચ્ચર અને ઝેબ્રાને અસર કરે છે. આ રોગ સંક્રમિત ઘોડાનું લોહી જો અન્ય ઘોડામાં જાય (જેમ કે એક જ સોઈ/ઈન્જેક્શન, સર્જીકલ સાધનો વાપરવાથી) તો રોગ ફેલાઈ શકે છે. સંક્રમિત ઘોડાનું લોહી સ્વસ્થ ઘોડાને આપવામાં આવે તો આ રોગ ફેલાય છે. તબેલામાં ઇતરડીઓનું યોગ્ય નિયંત્રણ ન હોવાથી અને અસ્વચ્છ રહેણાંક પરિસ્થિતિઓમાં આ રોગ થવાની શક્યતા વધી જાય છે. એક જ વિસ્તારમાં અનેક ઘોડા સાથે રાખવામાં આવે અને તે વિસ્તારમાં રોગ ફેલાવનાર ઇતરડી ઉપલબ્ધ હોય તો રોગ વધારે વ્યાપ સાથે ફેલાઈ શકે છે.

## ❖ રોગના લક્ષણો:

- બીમાર અશ્વને ખુબ જ તાવ આવે છે.
- ખોરાક ઓછો લે અથવા સદંતર બંધ કરે છે.
- ક્યારેક ચૂક ઉપડે છે.
- ઘાટો પીળો કે લાલ રંગનો પેશાબ કરે છે.
- શરીરમાં લોહી ઓછું થઈ જાય છે.
- હૃદયના ધબકારા વધી જાય છે.
- શારીરિક નબળાઈ આવે છે.
- શ્વાસ ઝડપી અને ભારે થવો.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
*Published 06/01/2026*

- વર્તાવે હતાશ દેખાય છે.
- ચામડી, આંખ, પેશાબના ભાગે, મોઢામાં પેઢા વગેરે પીળા રંગના થાય છે – કમળો (જોન્ડીસ) થાય છે.
- શરીરમાં સૂજન આવી જાય છે એમાં ખાસ કરીને પગ અને પેટના નીચેના ભાગમાં સોજો આવે.
- વજન ઘટી જાય છે.
- ગંભીર સ્થિતિમાં ઘોડો પડી જવો અથવા મૃત્યુ પામે છે.





## ❖ નિદાન:

✓ રોગ નિદાનમાં અશ્વના માલિક દ્વારા આપવામાં આવેલ માહિતી ખુબ જ મહત્વની છે.

✓ અશ્વની શારીરિક તપાસ જેવી કે ઇતરડી છે કે કેમ તેની તપાસ, આંખોની તપાસ કરવી અને શરીરનું તાપમાન ચેક કરવું.

✓ રક્તના નમુના લઈ તેનું સ્મિઅર બનાવીને તેમાં પરોપજીવની ઓળખ.

✓ આધુનિક પધ્ધતિ (દા.ત., PCR) વડે.

✓ રક્તના કણોની તપાસ (સી.બી.સી.; હિમેટોલોજી).

✓ રક્તના ભાગ – સિરમની અંદર યકૃત (લીવર) અને મુત્રપિંડ (કિડની)ની કાર્યક્ષમતાની તપાસ (સિરમ બાયોકેમિસ્ટ્રી).

## ❖ રોગની સારવાર:

✓ આ રોગની દવા અશ્વપાલકોએ જાતે કરવી જોઈએ નહિ.

✓ હમેશા પશુચિકિત્સકની સલાહ લઈ દવા કરાવવાનો આગ્રહ રાખવો જોઈએ.

✓ રોગ સામે અસર કરતી દવા ઈમઈડોકાર્બ ડાઈપ્રોપએનેટ છે જેને પશુચિકિત્સક અશ્વના વજન પ્રમાણે આપી શકે છે.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
Published 06/01/2026

- ✓ સાથે-સાથે, નબળાઈ અને શરીરમાં પ્રવાહીની માત્રા ઘટી હોય તો ફ્લુઈડ થેરાપી કરવાની રહે છે.
- ✓ દુઃખાવો જણાતો હોય તો એનએસીઆઇડી(NSAIDS) ઇન્જેક્શ આપવામાં આવે છે.
- ✓ વિટામીન-સી અને અન્ય વિટામીનનો જરૂરિયાત મુજબ વપરાશ કરવામાં આવે છે.
- ✓ યકૃતની( લિવરની) કાર્યક્ષમતા વધારવા માટે મોંઢાથી પ્રવાહી(લિવર ટોનિક) આપવામાં આવે છે.
- ✓ લોહી ઓછું હોય તો લોહી વધારવા માટેના હિમેટીનીક્સ પ્રવાહી આપવામાં આવે છે.

❖ **<u>રોગનો અટકાવ:</u>**

- ✓ ઈતરડીનો ઉપદ્રવ ઘટાડવો.
- ✓ પોષણયુક્ત ખોરાક આપવો.
- ✓ રહેણાંક વિસ્તાર સાફ રાખવો.
- ✓ બહારથી તબેલામાં ઘોડો આવે તે પહેલા તેની ચામડી પર ઈતરડી છે કે કેમ એ તપાસો. જો હોય તો તેને તરતજ દુર કરવી.
- ✓ સમયાંતરે ઘોડાની શારીરિક તપાસ કરાવવી.
- ✓ સમયસર કૃમિનિવારણ કરવું જેથી નબળાઈ ન આવે.
- ✓ પુરતો અને સમતોલ આહાર જરૂરિયાત મુજબ આપવો.
- ✓ નવા ખરીદેલ ઘોડાની શારીરિક તપાસ અને તેના રક્તની તપાસ કરાવી લેવી.
- ✓ આ રોગ થયા પછી મહિના કે વર્ષ સુધી ઘોડાનું ધ્યાન રાખવું જરૂરી છે.
- ✓ રોગીષ્ટ ઘોડો સારવાર બાદ સંપૂર્ણ સ્વસ્થ ના થાય ત્યાં સુધી વહેંચવો ન જોઈએ અથવા તેને કામ માટે વપરાશમાં ન લેવો જોઈએ.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
*Published 06/01/2026*